# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 10-12-2025** **Midday : 2.30 to 2.35 pm**

**Day : Wednesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હેમાંગીની સોનારા** વાંચે છે.

---

(સમાચારને અંતે)

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

-----------------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# CABINET MEET

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં આજે ગાંધીનગર ખાતે રાજ્ય મંત્રીમંડળની બેઠક યોજાઇ. તેમાં ટેકાના ભાવે ચાલી રહેલી મગફળી સહિતની જણસોની ખરીદીની સમીક્ષા કરવામાં આવી. રાહત પેકેજ મામલે થયેલી અરજીઓ અંગે પણ ચર્ચા કરાઇ. આ ઉપરાંત અમદાવાદના સુભાષ બ્રિજમાં પડેલી તિરાડો બાદ મહાનગરપાલિકા દ્વારા કરાયેલી કામગીરી પર શહેરી વિકાસ વિભાગ દ્વારા પ્રાથમિક વિગતો રજૂ કરાઇ. આ બેઠકમાં આગામી વાયબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક પરિષદ, આગામી કાંકરીયા કાર્નિવલ, કાઇટ ફેસ્ટિવલ સહિતના કાર્યક્રમો પર પણ ચર્ચા કરવામાં આવી.

. . . . . . . . . . . . .

# SURAT AAG

સુરતના પર્વત પાટિયા વિસ્તારના કાપડ બજારમાં આગની ઘટના સામે આવી છે. સાત માળની ઇમારતમાં વહેલી સવારથી લાગેલી આગ 20થી વધુ દુકાનોમાં ફેલાઈ છે. ત્યારે અગ્નિશમન દળની 15થી વધુ ગાડીઓ ઘટના સ્થળે પહોંચી આગ પર કાબૂ મેળવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે તેમ સ્થાનિક કોર્પોરેટર ધર્મેશ ભંડેરીએ જણાવ્યું.

(બાઇટ : ધર્મેશ ભંડેરી – કોર્પોરેટર)

. . . . . . . . . . . . .

# VALSAD DEATH

રાજસ્થાનના સિકરમાં થયેલા માર્ગ અકસ્માતમાં વલસાડના ફલધરા ગામના પોલીસ કર્મીનુ મોત થયું છે. સિકરમાં બસ અને ટ્રક વચ્ચેના અકસ્માતમાં કુલ ચાર લોકોના મોત થયા છે. અમારા પ્રતિનિધિ નવીન પટેલ જણાવે છે વલસાડ જિલ્લાના 50 જેટલા લોકો ખાનગી બસમાં રાજસ્થાનના બિકાનેરથી ખાટુશ્યામ જઈ રહ્યા હતા.તે  દરમિયાન સિકર પાસે અકસ્માત થયો હતો. આ બસમાં ફલધરા ગામના 18 વ્યક્તિઓ પણ સવાર હતા, જેમાં બસ ચાલક અને તેની સાથે આગળ બેસીને રસ્તો બતાવતા પોલીસકર્મીનું પણ મોત થયું છે. જ્યારે અન્ય બે મૃતકની હજુ ઓળખ થઇ નથી. 15 ઘાયલોને હોસ્પિટલ ખસેડાયા છે.

. . . . . . . . . . . . .

# KUTCH BHUKAMP

કચ્છ જિલ્લાના ધોળાવીરામાં મોડી રાતે ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. રિક્ટરસ્કેલ પર તેની તીવ્રતા 3.7 માપવામાં આવી. ભૂકંપનું કેન્દ્ર બિંદુ ધોળાવીરાથી 32 કિલોમીટર દૂર કચ્છના રણમાં નોંધાયું હતું.  કચ્છના અનેક વિસ્તારોમાં લોકોએ આ આંચકાની અનુભૂતિ કરી હતી.

. . . . . . . . . . . . . .

# PANCHMAHAL SIR

રાજ્યમાં મતદાર યાદીની વિશેષ સઘન સુધારણા SIRની કામગીરી પૂર્ણ થવાના આરે છે. પંચમહાલ જિલ્લામાં SIR ઝુંબેશ અંતર્ગત ડિજિટાઈઝેશનનું કામ 99.98 ટકા પૂર્ણ થયું છે. જિલ્લાના એક હજાર 479 BLO આ કામગીરી જોડાયા છે. ગણતરી પત્રક જમા કરાવવાનો છેલ્લો દિવસ છે તેમ જિલ્લાના નાયબ ચૂંટણી અધિકારી પી કે ડામોરે જણાવ્યું.

( બાઈટ: પી. કે. ડામોર - નાયબ ચૂંટણી અધિકારી)

. . . . . . . . . . . . . .

# BHARUCH SMRUTI VAN

સરદાર વલ્લભભાઈ પટેલની 150મી જન્મ જયંતીની ઉજવણીના ભાગરૂપે ભરૂચ તાલુકાના હલદરવા ગામમાં સરદાર સ્મૃતિ વનનું ધારાસભ્ય રમેશ મિસ્ત્રીના હસ્તે આજે લોકાર્પણ કરાયું. આ સ્મૃતિ વનમાં 19 જાતના 562 વૃક્ષો વાવવામાં આવ્યા છે. સાથે જ મેપ દ્વારા તમામ રજવાડાઓની માહિતી પણ આપવામાં આવી છે. લોકાર્પણ બાદ ધારાસભ્ય રમેશ મિસ્ત્રીએ પ્રતિક્રિયા આપી.

(બાઈટ : રમેશ મિસ્ત્રી-ધારાસભ્ય)

. . . . . . . . . . . . .

# MAHISAGAR ROGCHALO

મહીસાગર જિલ્લાના બાલાસિનોરમાં એક  દિવસમાં કમળાના 126 કેસ નોંધાતા આરોગ્ય વિભાગ સતર્ક થયું છે. જિલ્લા આરોગ્ય વિભાગ અને જિલ્લા કલેક્ટર દ્વારા આજે અલગ અલગ 20 ટીમ બનાવી નમૂના એકત્ર કરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. વહેલી સવારથી જ પીવાના પાણીના નમૂના એકઠા કરવામાં આવી રહ્યા છે. બીજી તરફ સરકારી હોસ્પિટલમાં પણ કર્મચારીની મદદ માટે અન્ય તાલુકામાંથી કર્મચારીઓની વ્યવસ્થા કરવામાં આવી છે.

. . . . . . . . . . . . .

# SWACHHA BHARAT MISHAN-MEHSANA

સ્વચ્છ ભારત મિશન ગ્રામીણ નિર્મળ  ગુજરાત અંતર્ગત મહેસાણા જિલ્લાની 597 ગ્રામ પંચાયતોને પ્રથમ તબક્કામાં  34.10 લાખ રૂપિયાની રકમ સ્વચ્છતા માટે ફાળવવામાં આવી છે. અમારા પ્રતિનિધિના જણાવ્યા મુજબ ગ્રામ્ય વિસ્તારમાં 5 હજારથી ઓછી 541 ગ્રામ પંચાયતમાં 4 હજાર 978 ની રકમ ચૂકવી દેવામાં આવી  તેમજ 5 હજારથી વધુ 96 પંચાયતમા રૂપિયા 7 હજાર 478 પ્રથમ તબકા માં ફાળવવામાં આવી છે.હજુ બે તબક્કામાં રકમ ફાળવવામાં આવશે.

. . . . . . . . . . . . .